Gujarati Midday Pg 13, 7th April 2022

# ક્રિપ્ટોકરન્સી માર્કેટનું કેપિટલાઇઝેશન પાંચ ટકા ઘટ્યું

**અમેરિકન** ફેડરલ રિઝર્વ ફુગાવાને અનુલક્ષીને સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હોવાથી ઈક્વિટી માર્કેટમાં નરમાશ આવી છે. એની અસર ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં થતાં કૅપિટલાઇઝેશન આશરે પાંચ ટકા ઘટીને ૨.૦૬ ટ્રિલ્યન ડૉલર થઈ ગયું છે.

કુલ ક્રિપ્ટો માર્કેટમાં સ્ટેબલ કૉઇનનું વૉલ્યુમ ૮૪ ટકા રહ્યું છે. ૨૪ કલાકના ગાળામાં કુલ ક્રિપ્ટો માર્કેટનું વૉલ્યુમ ૧૯ ટકા વધીને ૧૨૨ અબજ ડૉલર રહ્યું છે.

સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી - બીટકૉઇન ૪૫,૦૦૦ ડૉલરની નીચે પહોંચી ગઈ છે. એ જ રીતે બીજી મોટી ક્રિપ્ટોકરન્સી - ઈથેરિયમમાં આશરે ૬ ટકાનો ઘટાડો થઈને ભાવ ૩૩૨૩ ડૉલર થઈ ગયો છે.



પ્રથમ હરોળની ૨૦ કરન્સીમાંથી ફક્ત ડોઝકૉઇનમાં ૧.૧૩ટકાનો વધારો થયો છે.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઇસી૧૫ બુધવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૨૩૮૮ પૉઇન્ટ (૩.૪૦ ટકા)ના ઘટાડા સાથે ૬૭,૭૦૯ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૭૦,૦૯૮ ખૂલ્યા બાદ ઉપરમાં ૭૦,૨૨૫ અને નીચામાં ૬૭,૦૭૪ ગયો હતો.